RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 217* Date: 04.06.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા બે લાખને પાર, ૫૮૧૫ લોકોએ જીવ ગુમાવ્યા

# અનલોક-૧ ઘાતક પૂરવાર થયુ: ૨૪ કલાકમાં ૮૯૦૯ કેસ, ૨૧૭ના મોત

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશમાં કોરોના અનલોક-૧ ઘાતક પુરવાર થઇ રહ્યું હોય તેમ લોકડાઉન-૪ બાદ અપાયેલી વધારાની છૂટછાટ સરકાર અને લોકો માટે જોખમંકારક બની રહી હોય તેમ આજે બુધવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન ભારતમાં રેકોર્ડબ્રેક સમાન અત્યારસુધીમાં સૌથી વધારે ૮૯૦૯ જેટલા કેસો બહાર આવતાં ચાર-ચાર લોકડાઉન સફળ રહ્યાં કે કેમ તેવા સવાલો પણ થઇ રહ્યાં છે. કેમ કે છેલ્લાં ૫ દિવસમાં રોજેરોજ ૮- ૮ હજાર જેટલા કેસો બહાર આવ્યાં છે. માત્ર ૧૫ દિવસમાં જ કોરોનાના દર્દીઓની સંખ્યા એક લાખમાંથી બે લાખ થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. દિલ્હીના ૫૮ એવા વિસ્તાર છે જે હવે કોરોના સંક્રમણથી સંપૂર્ણ મુક્ત થઈ ગયા છે.

વૈશ્વિક મહામારી કોરોના વાયરસનો આતંક ઘટવાની જગ્યાએ દિવસેને-દિવસે વધી જ રહ્યો છે. દેશમાં છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખને પાર થઇ ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨,૦૭,૬૧૫ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૦૯ નવા કેસ નોંધાયા છે.

અલબત્ત, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૯ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭૭૬ લોકો સાજા થયા છે. આ સાથે જ સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૧,૦૦,૩૦૩ સુધી પહોંચી ગયો છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૮૧૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૦૧૪૯૭ એક્ટિવ કેસ છે.

જયાં સૌથી વધારે કેસો બહાર આવે છે એ મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭૨૩૦૦ કેસ નોંધાયા છે જ્યારે ૨૪૬૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૪૫૮૬ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૯૭ લોકોના મોત થયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૨૨૧૩૨ કેસ નોંધાયા છે જ્યારે ૫૫૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૭,૬૩૨ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૦૯૨ લોકોના મોત થયા છે.

મંગળવારે મહારાષ્ટ્રમાં ૨૨૮૭, તમિલનાડુમાં ૧૦૯૧, ગુજરાતમાં ૪૧૫, પશ્ચિમ બંગાળમાં ૩૯૬, કર્ણાટકમાં ૩૮૮, રાજસ્થાનમાં ૧૭૧, બિહારમાં ૧૦૪, ઓડિશામાં ૧૪૧, આંધ્ર પ્રદેશમાં ૧૧૫, ઉત્તરાખંડમાં ૪૦, આસામમાં ૨૮ અને મિઝોરમમાં ૧૨ દર્દી મળ્યા હતા. આ ઉપરાંત ૬૪૧ એવા દર્દી હતા. જેમના રાજ્ય અંગે માહિતી મળી નથી. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૯૮ હજાર ૭૦૬ પહોંચી હતા. તેમાંથી ૯૭ હજાર ૫૮૧ એક્ટિવ કેસ હતા. બીજી બાજુ ૯૫ હજાર ૫૨૬ દર્દીને સારુ થયું છે. ૫૫૯૮ લોકોના મોત થયા હતા.

મહારાષ્ટ્ર પોલીસે બુધવારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ પોલીસકર્મી કોરોના પોઝિટિવ મળ્યા હતા. આ સાથે રાજ્યમાં ૨,૫૫૬ પોલીસકર્મી સંક્રમિત થઈ ચુક્યા છે.



૫. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે કોલકાતામાં કહ્યું કે, લોકડાઉનમાં લોકો આર્થિક તંગી સામે ઝઝૂમી રહ્યા છે. કેન્દ્ર સરકારને અપીલ છે કે પ્રવાસી મજૂરોના ખાતામાં એક વખત ૧૦ હજાર રૂપિયા નાંખો. પીએમ કેર ફંડના પૈસાનો ઉપયોગ મજૂરો માટે કરવો જોઇએ.

અમેરિકામાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૧૮ લાખને પાર પહોંચી છે જ્યારે ૧.૦૮ લાખ લોકોના મોત નીપજ્યાં છે. જ્યારે બ્રાઝિલમાં ૫.૫ લાખ લોકો સંક્રમિત છે અને ૩૧ હજાર લોકોએ જીવ ગુમાવ્યો છે. રશિયામાં પણ ૪.૨૩ લાખ કેસ નોંધાયા છે જ્યારે ૫ હજાર મોત થયા છે. ઉપરાંત, સ્પેનમાં ૨.૮૭ લાખ કેસ, ૨૭ હજાર મોત, બ્રિટેનમાં ૨.૭૭ લાખ કેસ, ૩૯ હજાર મોત, ઈટલીમાં ૨.૩૩ લાખ કેસ, ૩૩ હજાર મોત, ભારતમાં ૨.૦૭ લાખ કેસ, ૫,૮૦૦ મોત થયા છે.

જર્મનીની વાત કરીએ તો ૧.૮૪ લાખ કેસ અને ૮,૬૦૦ લોકોના મોત થયા છે. ઉપરાંત પેરુમાં ૧.૭૪ લાખ કેસ નોંધાયા છે જયારે ૪,૭૦૦ લોકોના મોત થયા છે. તુર્કીમાં પણ ૧.૬૫ લાખ કેસ નોંધાયા છે જયારે ૪,૫૦૦ લોકોના મોત થયા છે.

### લદ્દાખમાં ભારત-ચીન વચ્ચે તણાવ વધ્યો

## ચાલાક ડ્રેગનની તૈયારી: તિબ્બતમાં રાતના અંધારામાં સેનાએ કર્યો યુદ્ધાભ્યાસ

*ન્યુ દિલ્હી,તા.૩*

લદ્દાખમાં ભારત અને ચીનની સરહદ પર બંને દેશોની સેનાઓ છેલ્લા ઘણા દિવસોથી તૈનાત છે. ભારત અને ચીન વચ્ચેની આ તણાવપૂર્ણ સ્થિતિ પર દુનિયાની નજર છે. એક તરફ જ્યાં અમેરિકા ચીનથી તાકતની જગ્યાએ કૂટનીતિનો ઉપયોગ કરવાની અપીલ કરી રહ્યું છે. ત્યારે બીજી તરફ ચીન અડધી રાતે અંધારામાં યુદ્ધાભ્યાસ કરી રહ્યું છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મીની તિબ્બત મિલિટ્રી કમાન્ડે સોમવારે મોડી રાતે ૪,૭૦૦ મીટરની ઊંચાઈ પર સેના મોકલી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાની ક્ષમતાનું પરીક્ષણ કર્યું.માહિતી મુજબ ચીનના એક અખબાર ગ્લોબલ ટાઈમ્સે આ યુદ્ધાભ્યાસની માહિતી આપી. રિપોર્ટમાં કહ્યું કે ભારત અને ચીનની સરહદ ઊંચાઈ પર છે અને બંને દેશોની સેનાઓ વચ્ચે અમુક 'ઘટનાઓ' ઘટી છે. જેના પછી બંને તરફથી સેનાની તૈનાતી કરવામાં આવી છે. આનાથી અંદાજ લગાવી શકાય છે કે ચીન તણાવના આ માહોલમાં એક પગલુ આગળ ચાલી તૈયારી કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા આ વાત અંગે ચિંતા વ્યક્ત કરી ચૂક્યું છે કે ભારત નજીક સીમા પર ચીનનું આક્રમક વલણ 'ખતરનાક' છે.

ચીન સેન્ટ્રલ ટેલિવિઝન મુજબ સોમવાર રાતે લગભગ ૧ વાગે પીએલએની સ્કાઉટ યૂનિટે તાંગુલા પર્વત તરફ વધવાનું શરૂ કર્યું હતું. માર્ચ દરમિયાન ગાડીઓની લાઇટો બંધ હતી અને નાઇટ વિઝન ડિવાઇસની મદદ લેવામાં આવી. જેથી ડ્રોનથી બચી શકાય. માર્ગની મુશ્કેલીઓને પાર કરી ડ્રોનની મદદથી વિસ્ફોટ કરવામાં આવ્યા. ટાર્ગેટ નજીક પહોંચી કોમ્બેટ ટેસ્ટ પણ કરવામાં આવ્યું જે માટે સ્નાઇપર યૂનિટને આગળ મોકલવામાં આવી હતી. સાથે જ ફાયર સ્ટ્રાઇક ટીમે ઓછા વજનવાળા હથિયારોવાળી ગાડીઓને એન્ટી ટેક્ર રોકેટથી ઉડાવી હતી.

ત્યાર બાદ કમાંડરોએ ગાડી ઉપર લાગેલા ઇન્ફારેડ સૈન્ય પરીક્ષણ સિસ્ટમની મદદથી સેનાની ટુકડીને આગળ લડાઈના ટાર્ગેટ સુધી પહોંચાડી હતી. આ યુદ્ધાભ્યાસ દરમિયાન લગભગ ૨૦૦૦ મોર્ટાર શેલ, રાઇફલ ગ્રેનેડ અને રોકેટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો. આ નવા હથિયારો સાથે લડવા સેના કેટલી તૈયાર છે તે અંગે જાણ થઈ. સાથે મુશ્કેલ પરિસ્થિતિઓમાં કેવી રીતે લડવું તે અંગે પણ અભ્યાસ કર્યો.

### અનેક સ્થળે ભારે પવન સાથે વરસાદ,મુંબઈમાં કલમ-૧૪૪ લાગૂ

## નિસર્ગ વાવાઝોડું અલીબાગના દરિયાકાંઠે ત્રાટક્યું



*મુંબઇ,તા.૩*

નિસર્ગ' ચક્રવાતી વાવાઝોડું મુંબઈ નજીકના અલીબાગના દરિયાકાંઠા પર ત્રાટક્યું છે. ત્યાં પવનની ગતિ પ્રતિ કલાક ૧૨૦ કિ.મી.ની છે. મહારાષ્ટ્રના દરિયાકાંઠા પર નિસર્ગ વાવાઝોડું ત્રાટક્યું છે. વાવાઝોડાને પગલે દરિયાકાંઠે ૫થી ૬ ફૂટ ઊંચા મોજા ઉછળી રહ્યા છે.

સજાગ રહેલા વહીવટીતંત્રોએ કાંઠા પર અને નિચાણવાળા ભાગોમાં રહેતા આશરે ૧ લાખ લોકોનું ગઈ કાલથી સુરક્ષિત જગ્યાઓ પર સ્થળાંતર કરી દીધું છે. વાવાઝોડાને પગલે મહારાષ્ટ્રમાં રેલ તેમજ હવાઈ વ્યવહાર ખોરવાયો છે. મુંબઈના હાર્દ સમા બાન્દ્રા- વરલી સી લિંક વેને હાલ બંધ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત આગામી પાંચથી છ કલાક સુધી લોકોને ઘરની બહાર નહીં નિકળવા તાકીદ કરવામાં આવી છે.

ચક્રવાત ગુજરાતના કાંઠે પણ અથડાવાના અનુમાનો લગાવાયા હતા. જો કે મંગળવારે બપોરે વાવાઝોડાની દિશા બદલાતા ગુજરાત પરથી ઘાત ટળી હતી. ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. હવામાન વિભાગના અગાઉના અંદાજ મુજબ ચક્રવાત ગુજરાતના કાંઠે પણ અથડાવાનો અંદાજ હતો જેને પગલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારોમાંથી અંદાજે ૫૦,૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

મુંબઈના દરિયાકાંઠે ૧૮૯૧ પછીનું આ સૌથી રૌદ્ર ચક્રવાત હોવાનું હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે. વાવાઝોડાને પગલે મુંબઈમાં ભાર પવન ફૂંકાયો હતો અને સંખ્યાબંધ ઝાડ પડી ગયા હોવાની તેમજ કેટલાક થાંભલા પડવાની ઘટના બની છે.

મુંબઈમાં દરિયાકાંઠાના વિસ્તારો વર્લી, બાન્દ્રા અને માહિમ સહિતના નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળ ખસેડી લેવામાં આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ વાવાઝોડું ઉત્તર મહારાષ્ટ્ર, પુણે, અહમદનગરને ઘમરોળી શકે છે જેથી અહીં ભારે વરસાદ પડવાની સંભાવના છે.રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે એનડીઆરએફ, એસડીઆરએફ તેમજ કોસ્ટગાર્ડની મદદ લીધી છે. વાવાઝોડાની સંભવિત અસરને ટાળવા માટે તંત્ર સજ્જ છે. વાવાઝોડાને પગલે રાયગઢ, રત્નાગીરિ, તેમજ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે.

### સીપીઈસી હેઠળ નિર્માણ કામને ઝડપી બનાવ્યુ

## ભારતનો વિરોધ છતાં ચીને પીઓકેમાં વીજળી પરિયોજનાને લીલી ઝંડી આપી

**ઝેલમ નદી પર નિર્માણ થતા આ પ્રોજેક્ટ પર લગભગ ૨.૪ અબજ ડોલરનો ખર્ચ કરવામાં આવશે.**

*ન્યુ દિલ્હી,તા.૩*

લદ્દાખની સરહદ પર ભારત અને ચીનની સેનાઓ વચ્ચે તણાવની સ્થિતિ યથાવત છે. ચીન સરહદ પર સતત અલગ-અલગ ગતિવિધિ કરી રહ્યું છે. ત્યારે હવે એવી માહિતી મળી છે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(પીઓકે) માં ભારતના વિરોધ છતા પણ ચીન અબજો ડોલરની સીપીઈસી હેઠળ નિર્માણ કામને ઝડપી બનાવી રહ્યું છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ ચીને સીપીઈસી હેઠળ પીઓકેમાં ૧૧૨૪ મેગાવોટની એક વીજળી પરિયોજનાને લીલી ઝંડી આપી છે. રિપોર્ટ પ્રમાણે કોહાલા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટની વિગતો સોમવારે પાકિસ્તાનના ઉર્જામંત્રી ઉમર અયૂબની અધ્યક્ષતાવાળી પ્રાઈવેટ પાવર એન્ડ ઈન્ફાસ્ટ્રક્ચર બોર્ડની ૧૨૭મી બેઠક દરમિયાન રજૂ કરવામાં આવી. બેઠકમાં જણાવ્યું કે ચીન અને પાકિસ્તાને આર્થિક કોરિડોર(સીપીઈસી) હેઠળ ૧૧૨૪ મેગાવોટની કોહાલા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ માટે એક ત્રિપક્ષીય સમજૂતી કરી છે.

રિપોર્ટ પ્રમાણે આ સમજૂતી પર ચીનની થ્રી ગોર્જેજ કોર્પોરેશન, પીઓકેના અધિકારી અને પીપીઆઈબીએ હસ્તાક્ષર કર્યા છે. ઝેલમ નદી પર નિર્માણ થતા આ પ્રોજેક્ટ પર લગભગ ૨.૪ અબજ ડોલરનો ખર્ચ કરવામાં આવશે. માહિતી મુજબ પીઓકેમાં કાશ્મીર અને લદ્દાખના ગિલગિત-બાલ્ટિસ્તાનથી થઈ પસાર થતા ૩૦૦૦ કિલોમીટર લાંબા સીપીઈસીનું નિર્માણ ચીન અને પાકિસ્તાન મળીને કરી રહ્યા છે. આ હેઠળ ચીન શિનજિયાંગ રાજયને પાકિસ્તાનના ગ્વાદર પોર્ટથી રેલ, માર્ગ, પાઇપલાઇન અને ઓપ્ટિકલ ફાઇબર કેબલ નેટવર્કથી જોડવાની યોજના છે. ભારતે આ અંગે સતત વાંધો ઉઠાવ્યો છે અને તેની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

### બે વટહુકમને મંજૂરી,ખેડૂતો માટે એક દેશ એક બજારની નીતિ

## મોદી કેબિનેટનો મોટો નિર્ણય: ખેડૂતો સીધાં જ પોતાના પાકને વેચી શકશે

*ન્યુ દિલ્હી,તા.૩*

કોરોના વાયરસના સંકટ વચ્ચે આજે ફરી એક વખત કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી. બુધવારે બપોરે ૧૧ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં તેમના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં અનેક વરિષ્ઠ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં બે વટહુકમોને મંજૂરી આપવામાં આવી છે. તેમાં આવશ્યક વસ્તુ અધિનિયમ, એપીએસી અધિનિયમમાં સંશોધનને મંજૂરી આપવામાં આવી છે. હવેથી ખેડૂતો સીધો પોતાનો પાક વેચી શકશે અને દેશમાં ખેડૂતો માટે એક દેશ એક બજાર હશે. આ બેઠકમાં ખેત ઉત્પાદનોના સંગ્રહની અવધિ સમાપ્ત કરવામાં આવી છે અને ખૂબ જ આવશ્યક પરિસ્થિતિઓમાં જ તેમ કરી શકાશે. ઉલ્લેખનીય છેકે ૨૦ લાખ કરોડના પેકેજમાં આની જાહેરાત કરવામાં આવી હતી. તાજેતરમાં જ મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થયું છે. આ સંજોગોમાં સોમવારે જ કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં એમએસએમઈ સેક્ટર અને ખેડૂતોને લઈ કેટલાક મોટા નિર્ણયો લેવાયા હતા. એક તરફ દેશમાં કોરોનાના કેસની સંખ્યા સતત વધી રહી છે અને સાથે જ અનલોક ૧ અંતર્ગત કેટલીક છૂટછાટ પણ અપાઈ રહી છે ત્યારે કેન્દ્રીય કેબિનેટની આ બેઠક પર સૌ કોઈની નજર અટકેલી હતી.

સોમવારે યોજાયેલી બેઠકમાં કેન્દ્ર સરકારે એમએસએમઇ સેક્ટરની પરિભાષા બદલી હતી ત્યારે હવે દેશનો ખેડૂત કોઈ પણ માર્કેટ અને કોઈ પણ રાજયમાં પોતાનો પાક વેચી શકશે તેવો નિર્ણય લેવાયો છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૪૮૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૮૧૧૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૩૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૧૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૨૨૧૨**

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

વિભાગ:બાળ વિભાગ
શીર્ષક : વૃક્ષ નું મહત્વ
"વૃક્ષો બચાવો, વરસાદ લાવો "
"વૃક્ષો વાવો, પચોવરણ બચાવો "

ખેતી વાદળ અહિં કોણ લાવશે પાણી વિના જીવન કેમ ચાલશે આધુનિકતા થી કેટલુંક ચાલશે વૃક્ષ વિના જીવન કેમ દોડશે આવનારી પેઢી તમને ચૂમશે વધુ વૃક્ષ વાવો ફરજ નિભાવો. આજે લોકો ને લાગે છે કે ગરમી ખૂબજ વધી રહી છે .પરંતુ એ.સી. ને કેટલા સમય સુધી ટેકો મળશે? આજે ભારત માં ૫૦૦કરોડ વૃક્ષો ની જરૂર છે . હજુ તો શરૂઆત છે . ૪૫ થી ૪૯ ડિગ્રી તાપમાન ની. ૫૫ થી ૬૦ સુધી તાપમાન થતા લાંબો સમય લેશે નહીં. હવે સમજીને વૃક્ષનુ વાવે તર કરીએ. છોડને વધવા માટે ૫ થી ૭ વર્ષ ... એક સામાન્ય વૃક્ષ એ વર્ષમાં ૨૦ કિલો ધૂળ શોષે છે, દર વર્ષ આશરે ૭૦૦ કિલો ઓકસીજન નું ઉત્સજેન થાય છે, દર વર્ષે ૨૦ ટન કાર્બન ડાયોક્સાઈડ શોષે છે . ગરમીઓમાં એક વૃક્ષ ની નીચે સરેરાશ ચાર ડિગ્રી સુધી તાપમાન ઘેટ છે. ૮૦ કિલો પારો, લિથિયમ, લેડ વગેરે ઝેરી ધાતુના મિશ્રણ ને શોષવાની ક્ષમતા, વર્ષે આશરે ૦૧ લાખ ચોરસ મીટર દ્ષિત હવા ફિલ્ટર કરે છે. ઘર ની પાસે વૃક્ષ અકોસિટક વોરાની જેમ કામ કરે છે . એટલે ઘોઘાટ/ ધ્વનિ શોષે છે... આ દુનિયા માં "માણસ" એકમાત્ર એવું જાનવર છે, જે વૃક્ષ કાપીને કાગળ બનાવે છે. ને ઉપર લખે છે .... વૃક્ષ બચાવો. " સબંધ એ એક એવું વૃક્ષ છે કે જે... લાગણી દ્વારા ઝૂકી જાય, સ્નેહ દ્વારા ઉગી જાય અને શબ્દો દ્વારા તૂટી જાય !!" " વૃક્ષો બચાવો " આ નામ ના લાખો પુસ્તકો છપાયા. પણ કોને ખબર એ માટે કેટલા વૃક્ષો કપાય? વૃક્ષ રક્ષતિ રક્ષતિઃ વૃક્ષોની જે રક્ષા કરેછે ,તેનું રક્ષણ વૃક્ષ કરે છે. ખુબ તપે છે તેઓ અડીખમ રહી ને, આપે છે ઠંડક છાંયડો બનીને; લીમડા નું તો ચરિત્ર છે કડવું રહેવાનું, ને માંદગી હણવાનુ ઔષધ બનીને; એક સદી વડલો આશરો આપવાનું માણે છે; પીપળો તો રાત્રે પણ શ્વાસ આપવાનું જાણે છે; આવા વૃક્ષો વિના ની ઠંડક ક્યાં જઈને મળશે? ને મળશે તો એની કિંમત શું પડશે? ચાલો આ વૃક્ષો ના ગુણો ને ખુદમાં ઉગાવીએ. ને આકરા તડકે દઝાયેલા ને બે ઘડી ઠંડક અપાવીએ... વરસાદ આવીરહ્યો છે. તો દરેક વ્યક્તિ બે-બે વૃક્ષો ચોક્કસ વાવીએ...

"વૃક્ષ છે અનમોલ રત્ન કરો તેનું જતન જન જન માં જાગૃતિ લાવો..."

વિધિ ગુણવંતભાઇ ચૌહાણ
ધોરણઃ નવમું ....આર.સી. પટેલ હાય સ્કૂલ

---

વિભાગ- બાળ વિભાગ
શીર્ષક:Improtance of trees

Trees are the living things that provides us life giving gas oxygen. This is due to trees that there is balance in the ecosystem. Thus, we should understand it's improtance in life. But, human beings seems to be just ignroing improtance of trees. We are just cutting trees fro our benefits and we just don't look upon the either side(i.e effects of defroestation). We all are suffering from dangerous situation because now in India the froest and trees just cover 24.39 % . Now, the government and NGO's are striving to enlarge this froest land and trees. The National mission fro green India is launched (NAPCC). The Ministry of Environment, Froest and Climate change are taking initiatives to enlarge the froest land. By undertaking the project of 'tree plantation' it aims to enlarge the froest land till 5 hectares. It is improtant to plant trees because they will provide us with probably all the essential things . We can plant trees at Urban areas ro roadsides ,etc. I think that each and every human being should plant atleast one tree every month. This would help the wrold from being polluted. Even many movement are a set examples of saving trees. We should think that if we cut a tree we cut life because they are food fro many animals and even home fro birds. If we just develop this type of thinking then the cutting of trees will be reduced in large numbers . We shall know that Industrialization and Urbanization is a majro threat to the froests. And another thing we should know is we are living in this beautiful wrold due to the presence of trees.So Save Trees, Save lives. A small appeal to all the human being not only fro the betterment of their life but also fro safety of trees and our mother earth Save Trees, Save Earth

Krishna Jignesh Mehta ,Standard-8

---

બાળ વિભાગ
–વૃક્ષારોપણ–

વૃક્ષ વાવો, ઝાડ લાવો, દુનિયાનું ભલું કરો.
સૌને યાચના તેમને વધાવો, તેનાથી દૂર ન રહો;
વૃક્ષ છે ખૂબ જ મહત્વપૂર્ણ, આવો તેને વાવીએ?...
જમણે અને ડાબે, બેય હાથેથી રોપીએ!
આપણે જીવીએ છીએ, તે વૃક્ષ માત્ર ના કારણ,
તે જ તો છે આપણા તારણ;
ઓક્સિજન આપે ભરપૂરમાં...
તે જ તો આપણી બીજી મા!
ફળ - ફૂલ નો વાપર કરો,
પરંતુ પહેલાં ધન્યવાદ ઝાડને કરો,
કારણ તે જ આપે છે ફળ અને ફૂલ...
ધન્યવાદ ન કરો, તમારી ખૂબ જ મોટી ભૂલ!
ઝાડ જ છે આપણા ખરાં મિત્ર,
ક્યારે ન ઝઘડે, બસ પ્રેમ કરે, સ્નેહ કરે.
વાવો ઝાડ, લાવો ઝાડ...
કરો તેને ખૂબ જ લાડ!

ઋજુ અપૂર્વ શાહ

---

વિભાગ : બાળ વિભાગ.
શીર્ષક : વૃક્ષારોપણ (Tree Plantation)

Trees are very improtant part of our life because they give us pure oxygen and takes in carbondioxide. Trees are the main producer in the food chain. It is also shelter fro most of the birds and many animals. Many trees and plants such as neem, tulsi, mint are used in medicine. We also get fruits, vegetables and spices like clove, cinnamon, black pepper from plants. Trees holds soil firmly thus preventing soil erosion. And it also prevent water run-off thus increasing the groundwater. By absrobing carbon dioxide from air it cools the air. Wood of trees are also used as fuel and some are used to make furniture and also in paper industry. So only cutting the trees fro our use will not help us. If we keep on cutting trees then who will absrob the carbon dioxide that we exhale? From where we will get oxygen!? How will we get fruits, vegetables?, who will help the nature to be alive? The only answer is TREE PLANTATION

Dhairya Jignesh Mehta ,Standard : 4

---

બાળવિભાગ
શીર્ષકઃ-વૃક્ષારોપણ
પદ્ય

તરુનું મૂલ્ય સમજ,હે માનવી! તું હવે તો તરુનું મૂલ્ય સમજ!
સઘળી ધરતી તો માત્ર તરુથી શોભે,
તરુ વગરની ધરતી તું કલ્પી શકે?
સુંદર-સુંદર લીલાંછમ ઝાડ
વાતાવરણમાં જાણે પૂરતાં પ્રાણ.
પક્ષીઓ જેની ડાળે બાંધે માળ
એવાં વૃક્ષો કાપવાનું તું ટાળ.
ફળ-ફૂલ,ઔષધ અને શુદ્ધ હવા
આપે આપણને મફત,
તોયે તું તો રોજ કરે એનો માત્ર અંત!
આપણાં શ્વાસોશ્વાસ અને જગતનો આધાર,વરસાદ આપવા બદલ એ આભારી,
પણ તું તો એને રોજ કાપી ફક્ત આમંત્રે મહામારી!
લાખો વૃક્ષો કાપીને તું તો ગગનચુંબી ઈમારતો રચ્યો જાય,
પણ પાછળથી થતી સૃષ્ટિને હાનિ તે વળી કોને પોસાય?
સમજી જા તું હવે દુનિયાની વાસ્તવિકતા!
વૃક્ષોનાં અભાવે તો ગ્લોબલ વૉમિંગ અને ઓઝોન લેયર જેવી કેટકેટલી સર્જી સમસ્યા!
માટે છોડી દે તું હવે દોડવાનું આ વૃક્ષો કાપવાની હોડમાં અને દુનિયાનાં ઉજ્જવળ ભાવિ ખાતર બસ એક જ મંત્રનો અમલ કર અને કરાવ,
"વૃક્ષ વાવ,પર્યાવરણ બચાવ અને સમગ્ર સૃષ્ટિને સુંદર બનાવ."

રિધ્ધી ત્રિવેદી,સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ,ગાંધીનગર.

---

બાળ વિભાગ
શીર્ષકઃ पेड़ बचाओ जीवन बचाओ

जहाँ हरियाली
वहां खुशहाली ।
ईश्वर का वरदान है पेड़
वातावरण की शान है पेड़ ।
सुंदरता की जान है पेड़
आ1सीजन का भंडार है पेड़ ।
पेड़-पौधे मत करो नष्ट
साँस लेने में होगा कष्ट ।
आओ बच्चो तु6हें बताऊँ
बात में एक ज्ञान की ,
पेड़- पौधे ही करते है
रक्षा अपनी प्राण की।
बच्चा बच्चा उठेगा,
पेड़ लगा कर
धरती को सजायेगा ।
वृक्ष लगाओ
हरियाली लाओ।
अगर हम वृक्ष लगायेंगे,
वे हमारे काम आयेंगे।
पेड़ वर्षा लाते हैं,
गरमी से बचाते है।
पेड है जीवन का आधार,
इसको मत काटो यार।
पेड़ लगाओ देश बचाओ
पेड़ लगाओ जीवन बचाओ
जीवन खुशहाल बनाओ।
एक घर एक पेड़
संतुलन का यही है खेल।

જાન્હવી રાજેશ ચુડાસમા. ધોરણ. ૬
Carmel of st.joseph school..મલાડ-મુંબઈ

---


બાળ વિભાગ
શીર્ષક :વૃક્ષારોપણ

આઝાદી મળ્યા પછીના ૫૦ વર્ષ દરમિયાન ભારતની વસ્તી ૩૬ કરોડમાંથી ૧૦૦૦ કરોડ જેટલી થઈ ગઇ છે. વસ્તી વધારાને લીધે આપણા દેશમાં અનેક ગંભીર સમસ્યાઓ સર્જાય છે. વધતી વસ્તી વસાવવા માટે વધુ જમીનની જરૂર પડી છે. આ જમીન ઉપરથી વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે. એ ઉપરાંત હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ પણ ભયજનક હદે વધ્યું છે. આ ભયજનક પ્રદૂષણને નાથવાના આપણા દેશમાં અનેક ઉપાયો થઈ રહ્યા છે. જેમાંથી એક મહત્ત્વનોં ઉપાય છે. વૃક્ષારોપણ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પણો પ્રકાશસંશલેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રાણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા -પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. આપણા દેશમાં થોડા વર્ષો પૂર્વે ગાઢ જંગલો આવેલાં હતાં. એ જંગલોમાં અનેક હિંસક પશુઓ વસવાટ કરતા. જંગલોથી પશુઓનું અને પશુઓથી જંગલોનું રક્ષણ થતું. વાતાવરણમાં ઠંડક રહેતી. હવા શુદ્ધ રહેતી. પુષ્કળ વરસાદને કારણે વૃક્ષોમાં વધારો થયો. પરંતુ વસ્તુનો સતત વધારો થતાં રહેઠણ માટેનાં મકાનો, નિશાળો, કારખાનાં, સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરિયાત ઊભી થઈ. વળી બળતણ માટે અને ઘરનું રાચરચીલું બનાવવા માટે પણ લાકડાની જરૂર પડી. આથી આડેધડ જંગલો કપાતાં ગયાં. પરિણામે જંગલોનો વિસ્તાર ઘટતો ગયો. માનવી એ પોતાની ઘરતી જરૂરિયાતને કારણે આડેધડ માનવવસાહતો સ્થાપી. આને કારણે ખેતીલાયક જમીન પણ ઓછી થવા લાગી. બીજી બાજુ જેટલાં વૃક્ષો કપાયાં, તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં નહિ. પરિણામે વનસ્પતિ ઘટતાં વરસાદનું પ્રમાણ સતત ઘટતું રહ્યું અને ભૂગર્ભજળનું સ્તર સતત નીચું ઊતરતું ગયું. રહી રહીને હવે આપણને વૃક્ષોનું મહત્વ સમજાવા લાગ્યું છે. અને વસ્તી વિસ્ફોટ પર અંકુશ રાખવાનો પણ ખ્યાલ આવ્યો છે. આથી આપણે કેટલાંક સૂત્રો પ્રચલિત કયો છે. " વૃક્ષો વાવો, જીવન બચાવો, ' વૃક્ષ જતન, આબાદ વતન, ' એક બાળ, એક ઝાડ, વગેરે. આ બધાં સૂત્રોમાં વૃક્ષોનો મહિમા સૂચવાયો છે. ૫ મી જૂન " વિશ્વ પપોવરણદિન " તરીકે ઉજવાય છે. તે દિવસે વૃક્ષો અને પપોવરણના રક્ષણ માટેના ઉપયોગની ચચો - વિચારણા થાય છે. તેમાં વૃક્ષારોપણ ખૂબ મહત્વ આપવામાં આવે છે. આપણા દેશમાં વનમહોત્સવ ઉજવાય છે. તે નિમિત્તે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનમાં વૃક્ષો લાવવામાં આવે છે. અને તેનું જતના કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં બાળકોને મોટા પ્રમાણમાં જોડી દરેક બાળકને એક - એક વૃક્ષ લાવવાનું પ્રોત્સાહન આપવું તે ખૂબ જ ઉપયોગી નીવડી શકે. આથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી સૃષ્ટિસૌંદર્યમાં વધારો કરી શકાશે. વળી હવા, પાણી અને અવાજના વધતા જતા પ્રદૂષણનું જટિલ પ્રશ્નનું નિરાકરણ પણ કરી શકાશે. દરેક બાળકને પ્રોત્સાહન આપી આપણે વૃક્ષોની સંખ્યા વધારતા જઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે. આમ થવાથી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડી વાતાવરણ સુધારી શકાશે. આપણે નિશ્ચય કરીએ કે, દરેક બાળક દર વર્ષે, એક - એક વૃક્ષ તો ઉગાડે જ. આ માટે એમને પ્રોત્સાહન અને માગેદશેન આપીએ. આથી બાળકોને વૃક્ષો તરફ આપોઆપ પ્રેમ અને આકર્ષણ થશે. વાતાવરણ લીલુંછમ થશે અને પ્રદૂષણ ઘટશે.

રીયા કલ્પેશ દરજી
ધોરણ :નવમું આર.સી.પટેલ હાઇસ્કૂલ

---

## હમણાં એક ટીવી ઈન્ટરવ્યુ માં આપણા કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી પિયુષ ગોયલે આપણા પ્રધાનમંત્રી શ્રી મોદીસાહેબ નો એક સરસ અનુભવ જણાવેલ...





કોરોના વાઈરસ હજુ ચીન માં જ ફેલાયેલો અને આપણા દેશ માં હજુ એ મહામારી ના પડઘમ બી નહોતા ત્યારે ..વેહલી સવારે પ્રધાનમંત્રી જી એ કોલ કરીને પૂછ્યું કે..

× પિયુશભાઈ તમારા રેલ્વે નાં કોચ.. ને કોરોના દર્દી નાં વોર્ડ તરીકે ઉપયોગ કરવાની જરૂર પડે તો કેટલા ટાઈમ માં થઈ શકે ?×

મંત્રીજી તો આવા અચાનક સવાલ થી વિચાર માં પડી ગયા... પછી ખબર પડી..આ તો.. આપણા પ્રધાનમંત્રી ની આફત આવે એ પેહલા જ એને ટક્કર આપવાની દૂરંદેશી રણનીતિ અને દેશવાસીઓ નાં સ્વાસ્થ્ય પ્રત્યેની એમની ચિંતા છે..અમરેલી જિલ્લા માં પણ પ્રધાનમંત્રીશ્રી ની આજ પ્રજાવત્સલ અને આફત ને અવસર માં બદલવાની રણનીતિ નાં પંથે ચાલતા ડો. કાનાબાર સાહેબ અને પી પી સોજીત્રા સાહેબ, ખેડૂતો માટે એક અનોખી અને અભૂતપૂર્વ યોજના ..કોઈ સરકારી સહાય વગર લાવ્યા છે....

આપણો જિલ્લો ખેતી ઉપર આધારિત છે... હાલ નાં મહામારી નાં સમય માં....તમામ વર્ગો...મુશ્કેલી માં હોય ત્યારે...ખેડૂત પણ એમાંથી બાકાત નથી...અને હમણાં જ .. એમને ધિરાણ ચૂકવવાનો સમય આવશે. આ વખતે સરકાર દ્વારા પણ આ ધિરાણ ભરવાની મુદત લંબાવી ને ૩૧ ઓગસ્ટ સુધી લંબાવી છે...તો પણ અંદાજે ૫૦ ટકા ખેડૂતો પાસે જૂનું નવું કરવાના પૈસા નથી..અને જગત નો તાત અત્યારે .. એ રકમ માટે ઉંચા વ્યાજે પૈસા લેવા અથવા તો એની તૈયાર મોલાત પાણી ના ભાવે વેચવા લાચાર છે.આવા સમયે ડો. કાનાબાર સાહેબ અને પી પી સોજીત્રા સાહેબ એક અભૂતપૂર્વ યોજના લઈને આવ્યા છે..ગત ના તાત ને ડો. કાનાબાર અને શ્રી પી. પી. સોજીત્રા નો સાથ

ખેડૂત ને વ્યાજ નાં ચક્કર માંથી અને પોતાની મોલાત પાણી ના ભાવે વેચવા ની લાચારી માંથી બચાવવા અને બેન્ક નું ધિરાણ વ્યાજ સાથે ચૂકવવા અને ફરી મેળવવાની પ્રકિયા માટે....×જૂનું - નવું મદદ યોજના×

આ માટે સમાજ ના સક્ષમ વર્ગ ના સહયોગ થી એક ફંડ ઉભુ કરવામાં આવશે અને એનો ઉપયોગ ખેડૂતો ની આ ટૂંકા સમય ની જૂનું નવું કરવા માટે ની જરૂરિયાત માટે કરીને એમની લાચારી નો અંત લાવવામાં આવશે..આ વિચારબીજ ડો. કાનાબાર સાહેબ નું અને એને ધરાતલ પર ઉતરવાનું આયોજન પી પી સાહેબ નું...આ બંને ની જુગલબંધી નો અનુભવ અમરેલી જિલ્લાએ વારંવાર કરેલ છે....જેનું પરિણામ હમેંશા ઉત્તમ હોય છે...

આ અંગે કેન્દ્રિય મંત્રી શ્રી રૂપાલા સાહેબ નું પણ માર્ગદર્શન લેવામાં આવ્યું તેમજ..જિલ્લા બેન્ક નાં ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી ની સાથે મીટીંગ કરતાં તેમણે આ યોજનાને ઉત્સાહ થી વધાવીને રૂ. ૧૦ લાખ નું ફંડ તેમના તરફ થી જાહેર કરેલ છે..

ડો. કાનાબાર સાહેબ અને પી પી સોજીત્રા સાહેબ ની આ અનોખી યોજના માં રૂ. ૧ કરોડ નું ફંડ ઉભુ કરવાનો ટાર્ગેટ હતો પરંતુ આ બન્ને સાહેબો ની આહલેક નો અભૂતપૂર્વ પ્રતિસાદ મળતા આ ફંડ ૨.૫૦ કરોડ સુધી પહોંચ્યું છે...જે અમરેલી જિલ્લા ના દાતાર લોકો ને આભારી છે..

આવી યોજના કદાચ અમરેલી જિલ્લા મા કે ગુજરાત માં નહિ.. પરંતુ દેશ માં કોઈ એ વિચારી નહિ હોય... એ અમરેલી માં જ શક્ય છે કારણ આપણાં આ સાહેબો લોકો ની મુશ્કેલીઓ માટે સતત સંવેદનશીલ અને એના ઉકેલ માટે હંમેશા કાર્યશીલ છે...

સક્ષમ લીડર અને પ્રજા માટે સંવેદનશીલ એવા બન્ને સાહેબો ને ખુબ ખુબ અભિનંદન

હિરેન જોશી.રિપોર્ટર:યોગેશ ઉનડકટ સાવરકુંડલા, અમરેલી

---

## સ્ટેટ વિજિલન્સના અરવલ્લીમાં ધામા

# ડુમેચા નજીક ટ્રાવેરામાંથી ઝડપાયેલા દારૂમાં ગઢવી નામના પોલીસકર્મીની સંડોવણી છે કે નહિ...!! તપાસનો ધમધમાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં ફક્ત કહેવાતી દારૂબંધી છે લોકડાઉન હોય કે પછી સામાન્ય દિવસ રાજ્યમાં બુટલેગરોને કેટલાક ઉચ્ચ અધિકારીઓના વહીવટદારોના છુપા આશીર્વાદ અને રાજકીય આકાઓના પીઠબળ હેઠળ મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે વિદેશી દારૂના ધધામાં રહેલી મબલખ કમાણીની લાલચમાં અનેક પોલીસકર્મીઓ બુટલેગર બની વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા ઝડપાઈ ચુક્યા છે

કડીમાં પકડાયેલા દારૂમાંથી કાઢેલો અને મુદ્દામાલનો દારૂ વેચાણ કરવાના કિસ્સામાં પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓની ભૂંડી ભૂમિકા બહાર આવતા તેમની સામે ગુન્હો નોંધાયા પછી હજુ સુધી પોલીસે એક પણ આરોપી પકડ્યો નથી ત્યાં ગાંધીનગર એલસીબી પીએસઆઈ ઝાલાએ ડુમેચા નજીક ટ્રાવેરા માંથી ૧ લાખ રૂપિયા જેટલો વિદેશી દારૂ જપ્ત કરી ત્રણ આરોપીઓને દબોચી લીધા હતા બુટલેગરોએ એલસીબી પોલીસને ગઢવી સાહેબ સાથે ફોન પર વાત કરીલો તેમ જણાવતા પીએસઆઈ ઝાલા ચોકી ઉઠ્યા હતા અને ગઢવી નામ જોગ ફરિયાદ દાખલ કરવામાં આવ્યા પછી અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતો ગઢવી નામનો પોલીસકર્મી હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું ત્યારે ગાંધીનગર એલસીબી પોલીસ પાસેથી તપાસ છીનવી લઈ સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી જ્યોતિ પટેલને સોંપવામાં આવી છે સ્ટેટ મોનીટરીંગ સેલને તપાસ સોંપવામાં આવતા સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે અરવલ્લીમાં ધામા નાખી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે સમગ્ર પ્રકરણ અંગે ડીવાયએસપી જ્યોતિ પટેલનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે ત્રણે આરોપીઓનો કોરન્ટાઈન સમય પૂરો થતા કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા અને ૫ દિવસના રિમાન્ડ મળતા તપાસ ચાલુ છે અરવલ્લી જીલ્લા પોલીસકર્મીની આ કેસમાં કોઈ ભૂમિકા છે કે નહિ તે હાલ તપાસ ચાલુ હોવાથી કઈ પણ કહેવા ઈન્કાર કર્યો હતો

ગાંધીનગર રખિયાલથી પકડાયેલા માત્ર ૧ લાખના દારૂના પ્રકરણની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપીને સાંપવામાં આવતા તે જોતા આ અધિકારીને છાવરવા અને બચાવવાનો તખતો ગોઢવાઈ ગયો હોવાનું અને એક અધિકારીની રહેમનજર હેઠળ જિલ્લાની બોર્ડરો પરથી દારૂના મોટા બુટલેગરો બિન્ધાસ્ત દારૂ ઠાલવવામાં આવતો હોવાનું પોલીસબેડામાં ચર્ચાઇ રહ્યું છે. જો કે આ તમામ કિસ્સાની તટસ્થ તપાસ થાય તો જિલ્લા અને શહેરોથી લઇ પોલીસ ભવન સુધીના અનેક વહીવટદારોના નામ બહાર આવી શકે છે. જોકે અરવલ્લીમાં પોલીસ કર્મીની સંડોવણી અને ટ્રાવેરા કારમાંથી ઝડપાયેલ વિદેશી દારૂ પોલીસ મુદ્દામાલનો દારૂ હશે કે કેમ? તે અંગે હાલ તો અનેક ચર્ચાએ જોર પકડ્યું છે

## શ્રધ્ધાંજલી




અશોક બ્રહ્મભટ્ટ

## અરવલ્લી એસ.પી એક્શન મોડમાં

# શામળાજી પીએસઆઈ શિલ્પા પરમારે ૨૦૧૮ ના કેસમાં બુટલેગર "સુકા"ના રિમાન્ડ ન માંગતા કરાયા સસ્પેન્ડ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં શામળાજી પોલીસ સ્ટેશન હવે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે શાપિત બની રહ્યું છે છેલ્લા બે વર્ષમાં શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૩ પીએસઆઈ સસ્પેન્ડ કરવાની જિલ્લા પોલીસવડા મયુર પાટીલને ફરજ પડી છે નવનિયુક્ત ડીવાયએસપી ભરત બસિયા અને જિલ્લા પોલીસે પોલીસતંત્રને નાકે દમ લાવી દેનાર અને પોલીસપર હુમલો કરવા ટેવાયેલા ડોડીસરના માથાભારે બુટલેગર સુકા ઉર્ફે ભંવરલાલ ડુંડના ઘરે રેડ કરી મોટીમાત્રામાં વિદેશી દારૂ જપ્ત કર્યો હતો ફરાર બુટલેગર સુકાને ભિલોડા પોલીસે ઝડપી પાડ્યો હતો અને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો શામળાજી પીએસઆઈ એચ.એસ પરમારે ૨૦૧૮ના વર્ષમાં સુકા વિરુદ્ધ નોંધાયેલા ગુન્હામાં રિમાન્ડ ન માંગતા ફરજમાં નિષ્કાળજી દાખવવા બદલ ખાતાકીય ઈન્કાયરી બાદ એસપી મયુર પાટીલે સસ્પેન્ડ કરી કરી દેતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે શામળાજી પોલીસ સ્ટેશનનો ચાર્જ પીએસઆઈ સિસોદીયાને આપવામાં આવ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

રાજસ્થાનને અડીને આવેલ શામળાજી પોલીસ સ્ટેશન હદમાં આવેલ આંતરરાજ્ય રતનપુર ચેકપોસ્ટ બુટલેગરોમાં દારૂ ઘુસાડવા માટે સિલ્ક રૂટ હોવાથી એક સમયે શામળાજી પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ મેળવવા કાવડિયા બોલતા હતા ત્યારે હવે શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવવા કોઈ પીએસઆઈ તૈયાર ન હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી બુટલેગરો સાથે પોલીસતંત્રના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ભાઈબંધી જાણીતી છે બુટલેગરોને છાવરવામાં આવતા હોવાની અને રક્ષણ આપતા હોવાની અનેકવાર બૂમો ઉઠી છે હાલમાં જ ગાંધીનગર નજીક ટ્રાવેરા ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો તેમાં અરવલ્લી જિલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા ગઢવી નામના કર્મચારીની સંડોવણી હોવાની ચર્ચાથી અરવલ્લી ખાખીને ધબ્બો લાગ્યો છે ત્યારે શામળાજી પીએસઆઈ એચ.એસ પરમાર કુખ્યાત બુટલેગરની અગમ્ય



કારણોસર તરફદારી કરતા હોય તેમ ૨૦૧૮ના વર્ષમાં સુકા વિરુદ્ધ નોંધાયેલા ગુન્હામાં રિમાન્ડ ન માંગતા ફરજમાં નિષ્કાળજી દાખવવા બદલ ખાતાકીય ઈન્કાયરી બાદ એસપી મયુર પાટીલે ફરજમાં બેદરકારી દાખવવા બદલ શામળાજી પીએસસેઈ શિલ્પા પરમારને ફરજ મોકૂફ કરી દેવામાં આવતા પોલીસતંત્રમાં ભારે ચકચાર મચી છે . ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ફક્ત નામ પૂરતી રહી હોય તેમ રેલમછેલ જોવા મળી રહી છે બુટલેગરો રાજ્યમાં મોટા પ્રમાણમાં અરવલ્લી જિલ્લાની આંતરરાજય સરહદો પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે જીલ્લામાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બુટલેગરોની ભાઈ બાંધી જાણીતી છે બુટલેગરો સાથે ભાઈબંધી રાખવાના ચક્કરમાં ભૂતકાળમાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓને નોકરીથી હાથ ધોવાનો વારો આવ્યો છે તેમ છતાં ખિસ્સા ગરમ કરવાની લાલચમાં બુટલેગરો સાથે ભાઈબંધી રાખી રહ્યા છે જે ભારે પડી રહી હોવા છતાં સુધારવાનું નામ લેતા નથી હાલ પણ જિલ્લાના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની સાંઠગાંઠના પગલે જીલ્લામાં ફરજ બજાવતા ઈમાનદાર અને નિષ્ઠાવાન અધિકારીઓ અને કર્મચારીઓની છબીને ધબ્બો લાગી રહ્યો

# કાંકરેજ તાલુકાના ચેખલા થી સમણવા રોડ પર આવેલ એક ખેતરમાંથી જુગાર ધામ ઝડપાયું

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે પીએસઆઈ એસ વી આહીર આવતાં જ દારૂ જુગાર પર રોક લગાવવા માટે લાલ આંખ કરતાં આવા લોકો માં ફફડાટ ફેલાયો છે અને એસ.વી. આહીર ખુબજ લોકપ્રિય બની ને કામગીરી માટે સતત પ્રયત્નશીલ રહે છે અને લોકોમાં ભારે આનંદ થાય છે ત્યારે કાંકરેજ તાલુકાના ચેખલા થી સમણવા રોડ ઉપર આવેલા એક ખેતરમાં પોતાના અંગત ફાયદા માટે હાર જીત નો જુગાર રમતા હોવાની માહિતી શિહોરી પોલીસ ને જાણ થતાં જ પોલીસ દ્વારા રેડ પાડી હતી જેમાં રોકડ રકમ ૧૦૭૦૦ તેમજ ૩ મોબાઈલ ફોન મળીને કુલ.૧૩૭૦૦ ના મુદ્દામાલ સાથે પાંચ લોકો ની ધરપકડ કરી હતી ત્યારે ચાર લોકો પોલીસ ને જોઈ નાશી ગયા હતા શિહોરી પોલીસ દ્વારા બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર ના જાહેરનામા મુજબ કાર્યવાહી કરવામાં આવે છે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ગુનેગારો સામે કડક પગલાં ભરવામાં આવે છે ત્યારે ઈપિકો





કલમ.૧૮૮,૨૬૯, તેમજ જુગારધારા કલમ.૧૨ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં (૧) સનેષ ચંદુલાલ લોધા.રે. સમણવા.(૨) વિપુલ રમેશભાઈ લોધા.રે સમણવા(૩) ઠાકોર ચંદુજી વીરચંદ જી.રે વડા (૪) દિનેશ નારસંગજી ઠાકોર.રે. ચેખલા. તાલુકો કાંકરેજ (૫) દશરથજી રમાજી રે. ચેખલા ની ધરપકડ કરવામાં આવી હતી અને (૬) મહેશ પ્રહલાદજી ઠાકોર રે. ચેખલા(૭) ભરત ભવાનજી રે. ચેખલા (૮) કનાજી અભુજી.રે. ચેખલા(૯) પ્રહલાદજી વખતાજી ઠાકોર રહે ચેખલા તાલુકો કાંકરેજ આ ચાર લોકો નજર ચૂકવી નાશી ગયા હતા અત્યારે વિશ્વ કોરોના વાઈરસ ની મહામારી વચ્ચે એક બીજાને કોરોના વાઈરસ નો ચેપ લાગે એવી રીતે ગોળ કુંડાળું વળીને એકબીજા સાથે મળીને ભેગાં મળીને જિલ્લા કલેકટર શ્રી બનાસકાંઠા ના જાહેરનામા નો ભંગ બદલ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી ત્યારે હવે દારૂ જુગાર પર રોક લગાવવામાં પોલીસ દ્વારા લાલ આંખ કરતાં આવા તત્વો માં ફફડાટ વ્યાપી ગયો છે

# પ્રિમોન્સુન કામગીરીના અભાવે ગટરના પાણી ફરી વળ્યા

માણાવદરમાં મીની વાવાઝોડા સાથે ખાબકેલા દોઢ ઈંચ વરસાદથી પટેલ ચૉકમાં આવેલ નવલખા પાછળ ની શેરીઓ વરસાદી પાણી ભરાવવાથી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. પાણી નો નિકાલ ન થવાના કારણે ગટર અને વરસાદી પાણી ધરોમાં ધુસી જતા લોકો પરેશાન બન્યા હતા

માણાવદરમાં મીની વાવાઝોડા સાથે ખાબકેલા દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા ખાસ કરીને નવલખા પાછળ ની શેરીઓ માં પાણી પાણી હતા અહીના સ્થાનિક લોકો ના કહેવા મુજબ નગરપાલિકા દ્વારા પ્રિમોન્સુન કામગીરી સમયસર ન થવાના કારણે ગટરમાં વરસાદી પાણી નો નિકાલ થતો નથી ગટરો કચરાથી આખી ભરેલી છે જેથી લોકોના ધરોમાં પાણી ધુસી જાય છે હજુ તો ચોમાસાની શરૂઆત છે જયારે વરસાદ વધું પડશે તો અહી વિકટ પરિસ્થિતિ સર્જાય છે તો સમયસર આ વિસ્તાર ની સમસ્યાનો ઉકેલ લાવવા માગણી કરવામાં આવી છે.

તસ્વીર - અહેવાલ : જીજ્ઞેશ પટેલ માણાવદર



ગાંધીનગર જિલ્લાના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર આર રાવલ સાહેબ હાલ વલસાડ જિલ્લા કલેકટરશ્રી ના પિતાશ્રી રામશંકર રાવલનું આજે દુઃખદ અવસાન થયેલ છે પરમાત્મા પરિવારને જણને શક્તિ આપે તેવી ઈશ્વર ને પ્રાર્થના સહ પરિવાર વતી શ્રધ્ધાંજલી....




# સંભવિત વાવાઝોડા સંદર્ભે જિલ્લામાં થયેલી કામગીરીની સમીક્ષા કરતા પ્રભારી સચિવશ્રી કે.એમ.ભીમજીયાણી



સંભવિત વાવાઝોડાના પગલે અગમચેતીના પગલાં રૂપે વલસાડ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા જિલ્લા પ્રભારી સચિવશ્રી કે.એમ. ભીમજીયાણીએ કરી હતી. વલસાડ કલેક્ટરાલય ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ તમામ અધિકારીઓને હેડકવાર્ટરમાં રહી સતત ડિઝાસ્ટર કંટ્રોલરૂમના સંપર્કમાં રહેવા જણાવ?યું હતું. સ્થળાંતરિત પરિવારોને શેલ્ટર હોમ ખાતે લઇ જવા માટે એસ.ટી. વિભાગનો ઉપયોગ કરવા તેમજ તેમના રહેવા-જમવાની વ્યવસ?ાની સાથે કોવિડ-૧૯ને અનુલક્ષીને અગમચેતીના ભાગરૂપે સેનેટાઇઝર તેમજ માસ્કની પૂરતી વ્યવસ્થા રાખવા બાબતે પણ સંબંધિતોને સૂચના આપી હતી. વાવાઝોડાને ધ્યાને લઇ એપીએમસી બે દિવસ માટે સ્વૈચ્છિક બંધ રાખે તેવી અપીલ પણ સચિવશ્રીએ કરી હતી. ?થળાંતર કરીને સલામત સ્થળે રાખવામાં આવેલા પરિવારોને કોઇ તકલીફ ન પડે તે માટે સંબંધિત ગામના સરપંચ અને તલાટીઓ પણ પોતાની જવાબદારી નિભાવે તે જરૂરી હોવાનું જણાવી મનરેગાના કામો પણ બે દિવસ માટે સ્થગિત રાખવા જણાવ્યું હતું. વાયરલેસ સેટ ધરાવતી કચેરીઓ તેમના વાયરલેસ ચેક કરી ચાલુ રહે તે જોવા જણાવ્યું હતું. કોવિડ-૧૯ હોસ?પિટલ સિવિલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે, ત્યારે વાવાઝોડાના કારણે વીજ પુરવઠો ન ખોરવાય તેની તકેદારી દક્ષિણ ગુજરાત વીજ કંપનીને સતત રાખવા જણાવ?યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં પણ જ?યાં લાઇટના પોલ પડી જાય તેવી સ્થિતિમાં હોય કે વાવાઝોડાને કારણે પડી જાય તો સત?વરે બદલી નાંખી વીજ પુરવઠો ચાલુ રહે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવા પણ જણાવ્યું હતું. ડીજીવીસીએલ દ્વારા આ માટે જે તે વિસ્તારના કોન્ટ્રાક્ટરોને જવાબદારી સોંપી દેવામાં આવી હોવાનું જણાવ્યું હતું. વલસાડ કલેક્ટર આર.આર.રાવલે જિલ્લામાં કરાયેલી કામગીરી બાબતે પ્રભારી સચિવશ્રીને અવગત કર્યા હતા. વાવાઝોડાના પગલે જિલ્લામાં એન.ડી.આર.એફ.ની ટીમને તૈનાત કરી ફરજ સોંપણી કરી દેવામાં આવી છે.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર, પોલીસ અધિક્ષક સુનિલ જોષી, નિવાસી અધિક કલેક્ટર એન.એ.રાજપૂત, પ્રાંત અધિકારીઓ, માર્ગ અને મકાન વિભાગ, વન વિભાગ, દક્ષિણ ગુજરાત વીજ કંપની, બી.એસ.એન.એલ., આરોગ્ય, પાણી પુરવઠા, ખેતીવાડી અધિકારી સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસથિત રહયા હતા.

## ધ્રાંગધ્રાના યુવાનની અનોખી સિદ્ધિ

# સેનીટાઈઝર ટનલ મશીન અને હેન્ડ સેનિટાઈઝર મશીન ધ્રાંગધ્રા સરકારી દવાખાને ભેટ આપ્યું

લોક ડાઉનના સમયમાં જાતે બનાવ્યું સેનીટાઇઝર ટનલ મશીન અને હેન્ડ સેનિટાઈઝર મશીન બનાવ્યા બાદ ધ્રાંગધ્રા સરકારી દવાખાને ભેટ આપ્યું.

હાલ સમગ્ર વિશ્વમાં કોરોનાવાયરસ ની મહામારીએ ભરડો લીધો છે ત્યારે દેશમાં લોકડાઉન આપવામાં આવ્યા છે. જેના અલગ અલગ તબક્કાઓ દરમિયાન લોકોએ ઘરે રહીને મળેલા સમયના વિવિધ ઉપયોગ કર્યા હતા અને નીત-નવા પ્રયોગો કર્યા હતા જેમાં ધાંગધ્રાના જયમીન વિષ્ણુપ્રસાદ વ્યાસ નામના યુવાન દ્વારા આ ફુરસદના સમયમાં ઘરે બેસીને કંઈક નવું કરવા તેમજ આ કોરોના ની મહામારી વિરુદ્ધ લડત માં પોતા નું યોગદાન આપવા નો ઉમદા વિચાર જાગતા તેણે પોતાના ઘરે જ ગણતરી ના દિવસો માં મહેનત થી સેનેટાઈઝર ટનલ તેમજ ટચ કર્યા વગર હાથ ધોવા માટે સેનીટાઈઝર હેન્ડ વોશ મશીન બનાવ્યું હતું ત્યારબાદ આ મશીનને લોકોને ઉપયોગી થાય તેવા ઉમદા અને પરોપકારી હેતુ થી પોતે બનાવેલા પ્રથમ મોડલો ધ્રાંગધ્રા સરકારી દવાખાને ભાજપના પ્રદેશ પ્રવક્તા અને ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ આઈ. કે. જાડેજા ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ ડોક્ટર સહિત સમસ્ત સ્ટાફની હાજરીમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું ત્યારે આ ઓટોમેટિક હેન્ડ સેનિટાઈઝર



મશીન તેમજ સેનીટાઈઝર ટનલ બંને મશિનનો ને જોઈને આઈ.કે.જાડેજા દ્વારા પણ યુવાન ને ધાંગધ્રા નું ગૌરવ વધારવા બદલ શાબાશી આપી બિરદાવવામાં આવ્યો હતો અને લોકાર્પણ માં ખાસ હાજર રહી શુભેચ્છાઓ આપી હતી... અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે હાલ ના મહામારી ના સમયમાં હોસ્પિટલો, મોલ, સિનેમા ઘર સહિતના તમામ જાહેર સ્થળોએ કોરોનાવાયરસ થી બચવા માટેના નિત નવા પ્રયોગો ની સાથે સેનિતાઇઝિંગ પ્રોસેસ કરવાની મહત્વતા ખૂબ જ વધી ગઈ છે ત્યારે જૈમીન વ્યાસ દ્વારા બનાવેલા આ સેની ટાઇઝર ટનલ તેમજ ટચલેશ હેન્ડ સેનિટાઈઝર મશીન ઘણા વ્યાજબી ભાવે હાલ બજાર મા મળતા અન્ય મશીનો તેમજ અન્ય સેનેટ રાઈઝર ટનલો કરતા ઘણા સસ્તા દર માં ઉપલબ્ધ થઇ શકે છે ઉપરાંત જૈમીન વ્યાસે જણાવ્યું હતું કે ક્ષ્ૈર્ષ્ઠાઙ્ઘર્ુહ દરમિયાન તમામ બજારો બંધ હોવાથી અને બહાર નીકળી ન શકાતું હોવાથી તેને આ મશીન બનાવવા માટેની સામગ્રી મેળવવામાં ખાસ કરીને ખૂબ તકલીફ પડી હતી એટલે એટલો વધુ સમય લાગેલો છતાં પણ ઘરે અમુક અન્ય ઈલેક્ટ્રિક સાધનો માંથી ચીજ-વસ્તુઓ કાઢીને અલગ અલગ પ્રયોગો કરીને તેણે પોતાની એન્જિનિયરિંગ પ્રતિભા દ્વારા માઈક્રો કન્ટ્રોલર સર્કિટ બનાવીને આ મશીન ડેવલપ કર્યા છે તેમજ ભવિષ્યમાં પણ ઓટોમેશન નું જ કામ કરવાનું તેને પસંદ હોવાનું અને આવા અનેક લોકો ને ઉપયોગિ સંશોધનો કરશે તેવું વિશેષમાં જૈમીને જણાવ્યું હતું અને આ મશીનો બનાવવાની પ્રેરણા તેને દવાખાનામાં જ સર્વિસ કરતા તેના પિતા વિષ્ણુપ્રસાદ વ્યાસ દ્વારા મળી હોવાનું અને હાલના સમયને અનુકૂળ રહી અને સરકારી હોસ્પિટલ ના કર્મીઓ તેમજ આ મહામારી ના સમયમાં ખડે પગે રહી ફરજ બજાવતા સરકારી કર્મીઓને આ કોરોનાવાયરસ લાગવાનો સૌથી વધુ ભય હોવાથી ત્યાં આવી મશીન ની જરૂરિયાત હોવાનું અને આ મશીન બનાવવાનું તેમ જ દવાખાને આપવાનું સૂચન પણ તેમના પિતા વિષ્ણુપ્રસાદ વ્યાસ તરફથી કરાઇ હોવાનું પણ જૈમીને જણાવ્યું હતું અને આ પ્રસંગે આઈ કે જાડેજા એ જણાવ્યું હતું કે પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી આત્મનિર્ભર બનવાની સમગ્ર દેશ ને અને ગુજરાત ને અપીલ કરી હતી ત્યારે જેમીન વ્યાસ દ્વારા આત્મનિર્ભર બનવાની દિશામાં આ એક આગવું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

રિપોર્ટર .દિપકસિંહ વાઘેલા..સુરેન્દ્રનગર

# કપરાડાના નાનાપોઢા વાપી રોડ નેશનલ હાઈવે પર મારુતિ વેનમાં લાગી આગ મારુતિ વેન બળીને ખાંક

સતિષ પટેલ નાના પોઢા વલસાડ

પારડી તાલુકાના સામરપાડા ગામના ગજુભાઈ રણછોડભાઈ પટેલ જી જે ૧૫ ઙ્ગઝ્ર ૦૨૧૭ મારુતિ વેન લઈ નાનાપોઢા ડાંગર બિયારણ લેવા માટે આવ્યા હતા. નાનાપોઢા એગ્રો સેન્ટર માંથી બિયારણ લીધા બાદ પેટ્રોલ ભરવા માટે પેટ્રોલ પંમ્પ પર જઈ રહ્યા હતા ત્યારે શોર્ટ સર્કિટ ના કારણે આગ લાગી હતી મારુતિ માં આગ જોતા રોડ પર લોકોએ જોતા બુમો પાડી વેન ચાલક તરજ ઉતરી જતા કોઈ જાણ હાનિ થઈ નથી . હાલમાં વેન સંપૂર્ણપણે સળગી ને ખાંક થઈ ગઈ છે આગ જોતા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો બચવવા દોડી આવ્યા હતા .આગ ભારે પકડી લીધી હતી.નજીકના વિસ્તારમાં કોઈ ફાયરબ્રિગેડ ની સુવિધાઓ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે નાનાપોઢા કોઈ આકસ્મિક ઘટના બને તો કોઈ આગ પર કાબુ મેળવવા વિકલ્પ નથી. મારુતિ વેનમાં આગથી નેશનલ હાઈવે વાહનો લાંબી લાઈન લાગી ગઈ હતી ઘટના સ્થળે પોલીસ પહોંચી ટ્રાફિક વ્યવસ્થા કરી હતી.મારૂતિ વેન સંપૂર્ણ રીતે સળગી ગયા બાદ સાઈટ કરી વાહન વ્યવહાર ચાલુ કરવામાં આવ્યો.

## નિસર્ગ વાવાઝોડું ત્રાટકે તે પહેલા જ ખેડૂતો માટે મુશ્કેલી સર્જી

# ટેકાના ભાવે ઘઉં અને ચણાની ખરીદી ૬ જૂન સુધી મુલતવી

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા લાગુ કરેલ લોકડાઉન, તીડ, અને કમોસમી માવઠા સામે ખેડૂતોની સ્થિતિ દયનિય બની છે ત્યારે સંભવિત નિસર્ગ નામના વાવાઝોડાની આગાહીના પગલે અરવલ્લી જીલ્લા સહીત રાજ્યમાં ૬ જૂન સુધી ટેકાના ભાવે ઘઉં અને ચણાની ખરીદી મુલતવી રાખવાનો નિર્ણય કરતા ટેકાના ભાવે ઘઉં અને ચણાનું વેચાણ કરવા રજીસ્ટ્રેશન કરાવનાર ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે

સરકારના આદેશ મુજબ નિસર્ગ વાવાઝોડાના કારણે તારીખ ૩ જૂનથી ૬ જૂન સુધી ખરીદ સેન્ટર બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે એકબાજુ ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે બીજી બાજુ નિસર્ગ વાવાઝોડું ત્રાટકવાની સંભાવનાના પગલે ટેકાના ભાવે ખેતપેદાશોની ખરીદી ૬ જૂન સુધી મુલતવી રાખવાના નિર્ણયથી ખેડૂતો માટે આફત સર્જી છે અરવલ્લી જીલ્લાના ૭ કેન્દ્રો પર ઘઉં અને ચણાના ટેકાના ભાવે ખરીદી બંધ રાખવામાં આવી



હોવાનું અને રાજય સરકારની સૂચના મળશે ત્યારે ખરીદી કેન્દ્રો પર ફરીથી ખરીદી શરુ કરવામાં આવશેનું ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ફરજ બજાવતા કર્મચારીએ જણાવ્યું હતું




તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજ માર્કેટ યાર્ડ,સમી ખાતે ખેડૂતોની વેદનાને વાચા આપવા માટે રાધનપુર ના જાગૃત ધારાસભ્ય શ્રી રઘુભાઈ દેસાઈ દ્વારા પ્રાંત અધિકારીશ્રીને આવેદન પત્ર આપવા જતા પોલીસ દ્વારા રઘુભાઈ દેસાઈ (ધારાસભ્ય,રાધનપુર) અજમલભાઈ ગામી(નાયકા) ભરતભાઈ ચાવડા, પસાભાઈ નાડોદા, અનિલભાઈ ચૌધરી, હસમુખભાઈ ભામાથર તેમજ ખેડૂતોની ધરપકડ કરવામાં આવી..નિખિલ જોષી ચાણસ્મા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.